ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0

# આજે ધો-૧૦નુ પરિણામ

**જિલ્લાના ૩૩ હજાર વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી : વિદ્યાર્થીઓ અને વાલીઓની ઇન્તેજારીનો અંત : બોર્ડની વેબસાઇટ પર સવારે પરિણામ જાહેર કરાશે**

ગાંધીનગર તા ૨૦

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગત માર્ચ મહીનામાં લેવાયેલી ધો -૧૦ ની પરીક્ષાનુ આજે પરિણામ જાહેર કરાશે. બોર્ડની વેબસાઇટ પરથી સવારે ૮ કલાકે પરિણામ જાહેર કરાશે. જિલ્લામાંથી ૩૩ હજાર જેટલા વિદ્યાર્થીઓએ બોર્ડની પરીક્ષા આપી હતી. બોર્ડ દ્વારા પરીક્ષાનુ પરિણામ વહેલા જાહેર કરવાનો નિર્ણય લેવાતા વિદ્યાર્થીઓ અને વાલીઓની ઉત્સુકતાનો અંત આવ્યો છે. પરિણામ વહેલુ જાહેર કરવાનો નિર્ણય લેવાતા વિદ્યાર્થીઓ અને વાલીઓ સહીત કેટલાક શિક્ષકો પણ પોતાનો પ્રવાસ ટુંકાવીને પરત ફર્યા હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજે ધો -૧૦નુ પરિણામ જાહેર કરાશે. સવારે ૮ કલાકે બોર્ડની વેબસાઈટ પરથી પરિણામ જાહેર કરાશે. જિલ્લામાંથી અંદાજિત ૩૩ હજાર વિદ્યાર્થીઓએ ધો -૧૦ ની પરીક્ષા આપી હતી. ધો -૧૨ વિજ્ઞાન પ્રવાહના પરિણામની જાહેરાતના અંતે વિદ્યાર્થીઓ અને વાલીઓની ઉત્સુકતાનો અંત આવ્યો છે. ધો -૧૦ ના પરિણામના આધારે વિદ્યાર્થીઓની આગળની શૈક્ષણિક કારકીર્દી માટેની લાઇન નક્કી થતી હોય છે. જેના લીધે પરિણામની ઈન્તેજારી પણ વાલીઓ માટે વિશેષ બની છે. ધો -૧૦ ની પ્રથમવારની બોર્ડ કસોટી વિદ્યાર્થીઓ માટે પરિણામલક્ષી ઉત્તેજનાને વધુ પ્રબળ બનાવે છે. વિદ્યાર્થીઓની આખા વર્ષની મહેનતનો નિચોડ પરીક્ષામાં ઉતાર્યા બાદ આજે પરિણામ સ્વરૂપે રંગ લાવશે. ત્યારે આ પરિણામને હર્ષથી વધાવવા માટે પણ વાલીઓ ઉત્સુક જોવા મળી રહ્યા છે. જયારે પરીક્ષા દરમિયાન ૨૯ જેટલા કિસ્સામાં સી સી ટી વી કેમેરાના આધારે ગેરરીતી કરતા ઝડપાયેલા વિદ્યાર્થીઓનુ હીયરીંગ પણ હાથ ધરાયુ હતુ. ધો -૧૦ ની પરીક્ષા દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે દરેક પરીક્ષા કેન્દ્રો પર સી સી કેમેરાની વોચ ગોઠવવામાં આવી હતી . આ ઉપરાંત સ્કોવોર્ડના સભ્યો પણ સતત રાઉન્ડ લેતા હતા. સી સી કેમેરાનુ ફુટેજનુ નિરિક્ષણ કરી ગત મહીનામાં જિલ્લા શિક્ષણતંત્રએ બોર્ડની કચેરીને રીપોર્ટ પણ સુપ્રત કરી દીધો હતો. જો કે આ મામલે હજુ કેટલા વિદ્યાર્થીઓ સામે કોપી કેસ બદલ પગલા લેવાયા હોય તેનો આંકડો ધ્યાને આવ્યો નથી. ધો -૧૨ વિજ્ઞાન પ્રવાહના પરિણામ બાદ હવે ધો -૧૦નુ પરિણામ જાહેર થવાનુ હોવાથી વિદ્યાર્થીઓ અને વાલીઓની ઈન્તેજારીનો અંત આવી ગયો છે. પરિણામની તારીખ ધારણાં કરતા વહેલી જાહેર થતા વેકેશનમાં બહારગામ પ્રવાસમાં ગયેલા પરિવારજનો પણ પરત આવી ગયા છે. જયારે શૈક્ષણિક સંસ્થાઓના કેટલાક શિક્ષકો પણ પોતાનો પ્રવાસ ટુંકાવી પરત ફરી ગયા છે. મંગળવારે સવારે બાર્ડની વેબસાઇટ પરથી ધો -૧૦ નુ પરિણામ જાહેર કરવામાં આવશે.

# ગરમીનો પારો ફરી ઉંચે ચઢયો

**મહત્તમ તાપમાન ૪૨.૨ ડીગ્રીએ પહોંચ્યુ : વળતા ઉનાળે ગરમીનો મિજાજ ઉગ્ર બન્યો : દિવસે અંગ દઝાડતી ગરમીથી નગરનુ જનજીવન પ્રભાવિત**



ગાંધીનગર તા ૨૦

ગાંધીનગરમાં વળતા ઉનાળે ગરમીનો મિજાજ દિનપ્રતિદિન આકરો બનતો જાય છે. ગત સપ્તાહમાં ગરમીનો પારો ૪૦ ડીગ્રીની અંદર રહેતો હતો. જયારે છેલ્લા બે ત્રણ દિવસથી મહત્તમ તાપમાન સતત વધતા ગરમીની સિઝન ફરી આકરી પુરવાર થઈ રહી છે. આજે મહત્તમ તાપમાન ૪૨.૨ ડીગ્રી પહોંચી જતા દિવસે અંગ દઝાડતી ગરમીએ સૌ કોઈને બેબાકળા કરી દીધા હતા.

ગાંધીનગરમાં વળતા ઉનાળે ફરી એકવાર ગરમીનો પારો ઉંચે ચઢતા છેલ્લા બે ત્રણ દિવસથી નગરજનો દિવસે અંગ દઝાડતી ગરમીનો અહેસાસ કરી રહ્યા છે. ગત સપ્તાહ દરમિયાન ગરમીનો પારો ૪૦ ડીગ્રીની અંદર રહેતો હતો. જયારે છેલ્લા ચાર દિવસથી મહત્તમ તાપમાન ધીમે ધીમે ઉપર ચઢતા ગરમી હવે તેના અસલ મિજાજમાં આવી ગઈ છે. ગઈકાલે પણ મહત્તમ તાપમાન ૪૨ ડીગ્રી પર પહોંચી ગયુ હતુ. જયારે આજે વધુ ૦.૨ ડીગ્રી વધતા ગરમી ૪૨ ડીગ્રીને પણ પાર થઈ ગઈ છે. બીજીતરફ લઘુત્તમ તાપમાન પણ વધતા સાંજે પણ વાતાવરણમાં જલદી ઠંડક વર્તાતી નથી. બે દિવસથી સાંજ ઢળતા ફુકતો ઠંડો પવન પણ નગરજનોને ઠંડક આપતો હતો. પરંતુ ગઈકાલથી પવનનુ જોર પણ ઘટી જતા સાંજના સમયે પણ નગરજનો બફારો અનુભવી રહ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

# વી.વી.પેટ અને પોષ્ટલ બેલેટની ગણતરી પાંચ રાઉન્ડમાં કરાશે

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર સંસદીય મત વિસ્તારમાં વી.વી.પેટ અને પોષ્ટલ બેલેટની ગણતરી પાંચ રાઉન્ડમાં કરવામાં આવશે.

પંચ દ્વારા પોષ્ટલ બેલેટ અને ઈ.વી.એમ.ની ગણતરી શરૂ થઈ શકે તે માટે છૂટછાટ મુકવાની સાથે આ માટે ખાસ ટેબલ પણ વિધાનસભા બેઠકવાર ઉભા કરવામાં આવનાર હોવાનું જાણવા મળેલ છે.

પોષ્ટલ બેલેટ પાંચ રાઉન્ડમાં ગણવાનું હાલ આયોજન છે. આ ઉપરાંત દરેક વિધાનસભા મતવિસ્તાર દીઠ પાંચ ઈ.વી.એમ.ના વી.વી.પેટની સ્લીપો સાથે મેળવણુ કરવાનું હોવાથી પાંચ રાઉન્ડમાં ગણતરી કરવામાં આવશે તેમ મનાઈ રહ્યુ છે.

પંચ દ્વારા વહેલુ પરિણામ જાહેર થઈ શકે તે માટે પોષ્ટલ બેલેટ અને વી.વી. પેટના મતોની ગણના માટે ખાસ મદદનીશ ચૂંટણી અધિકારીની નિયુક્તી કરવાની વાતને પણ મંજૂરી આપી છે.

ગણતરી માટેની તૈયારીઓ હાલ તેના અંતિમ તબક્કામાં છે. ગણતરીકારોને તાલિમ પણ આપી દેવામાં આવી હોવાનું જાણવા મળેલ છે. સવારે ૮.૩૦ વાગે મતગણતરીની કામગીરી હાથ ધરાશે અને પ્રથમ ટ્રેન્ડ ૮.૩૦ સુધીમાં મળશે તેવો અંદાજ છે. જોકે પરિણામ મોડા પડશે તેવા સંકેતો પણ મળી રહ્યા છે કારણ કે પોષ્ટલ બેલેટની ગણતરીમાં સમય લાગી શકે છે.

મળતી વિગતો પ્રમાણે સવારે ૬.૩૦ વાગ્યા સુધીમાં કર્મચારીઓને ફરજના સ્થળે હાજર થઈ જવાની સૂચનાઓ જારી કરી દેવામાં આવી છે.

# મતગણતરી પારદર્શક બનાવવા માટે ખાસ ૧૨ જેટલા નોડલ ઓફિસરો રહેશે

ગાંધીનગર, તા. ૨૦

લોકસભાની ચૂંટણી સંપન્ન થયા બાદ ૨૩મીએ હાથ ધરાનારી મતગણતરી વધુ પારદર્શક બની રહે તે માટે ૧૦ જેટલા નોડલ ઓફિસરોની ખાસ નિયુક્તી કરવાની પંચે સૂચના આપી છે.

**મતગણતરી સ્થળે ક્લોક રૂમ તેમજ મેડીકલ ટીમ પણ હાજર રાખવા માટેની સૂચના**

આ મતગણતરીના સ્થળે ખાસ મેડીકલ ટીમ પણ એમ્બ્યુલન્સ સાથે હાજર રહેશે. પંચ દ્વારા મતગણતરીની કાર્યપદ્ધતિનુ સતત વિડીયોગ્રાફી કરી અને રેકોર્ડિંગ કરવામાં આવશે. આ માટે ખાસ નોડલ ઓફિસરો ફરજો બજાવશે.

ડેટા ફિડીંગ માટે પણ ખાસ નોડલ ઓફિસર રહેશે. આ માટે ખાસ ટીમ પણ રાખવામાં આવશે. તંત્ર દ્વારા મિડિયાના કવરેજ માટે પણ ખાસ નોડેલ ઓફિસર રહેશે જે મતગણતરીની નાની-નાની વિગતોની જાણકારી આપશે.

કોમ્પ્યુનિકેશન માટે પણ ખાસ નોડલ ઓફિસર રહેશે. આ ઉપરાંત વી.વી.પેટ તેમજ પોષ્ટલ બેલેટ માટે પણ ખાસ નોડલ ઓફિસર રહેશે. પોષ્ટલ બેલેટ અને વી.વી.પેટની ગણતરી માટે મદદનિશ ચૂંટણી અધિકારીની નિમણુંક બાદ નોડલ ઓફિસરની નિમણુંક પર વધુ ભાર મુકવામાં આવ્યો છે.

નોડલ ઓફિસર ઈ.વી.એમ. અને વી.વી.પેટના મેનેજમેન્ટ પણ રાખવામાં આવશે. જેથી મતગણતરી પૂર્ણ થતાં ઈ.વી.એમ. અને વી.વી.પેટને સલામત રીતે સીલ કરવામાં આવે એટલુ જ નહિ પણ તેને વ્યવસ્થિત રીતે સ્ટ્રોંગરૂમ સુધી લઈ જવા માટેની વ્યવસ્થાનું સંકલન કરશે.

ચૂંટણી પંચ દ્વારા ૧૦ જેટલા નોડલ ઓફિસરો નિયુક્ત કરવામાં આવતાં મતગણતરી વધુ પારદર્શક બનશે એટલુ જ નહિ પણ સતત વિડીયોગ્રાફી થશે જેથી કોઈપણ પ્રકારની ગેરરીતિ થઈ શકશે નહિ.

● અનુસંધાન પાન-૭ પર

# શિહોલી મોટી ગામે બોરમાં પંક્ચર થતાં પાણીની સમસ્યા વિકટ બની

**ત્રણેક હજાર પાણીના જોડાણો ધરાવતા શિહોલી ગામમાં વધેલી પાણીની માંગને કારણે પેયજળની સમસ્યા ઘેરી બની**

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર તાલુકાના શિહોલી મોટી ગામે પાણીના એક બોરમાં પંક્ચર થઈ જતાં ગામમાં પાણીની સમસ્યા ઘેરી બની છે. મહિલાઓ પાણી માટે લાંબી કરતારો ગામના સ્ત્રોતો પર લગાવતાં જિલ્લાના રાજકીય આગેવાનો ગામમાં દોડી ગયા હતા.

શિહોલી મોટી ગામમાં ત્રણેક હજાર જેટલા પાણીના જોડાણો છે અને ગામમાં વધેલી પાણીની માંગને કારણે પેયજળની સમસ્યા ઘેરી બની છે.

શિહોલી મોટી એ જિલ્લામાં વિકાસ પામી રહેલા ગામોમાં સમાવેશ થાય છે. પેયજળની માંગને પહોંચી વળવા માટે બે બોર છે પરંતુ તેમાં એક બોરમાં પંક્ચર થઈ જતાં આજે ગામમાં ભારે હો-હા થઈ જવા પામી હતી.

આમ તો જિલ્લાના કોઈ ગામમાં પાણીની સમસ્યા ન હોવાનુ તંત્ર સતત ગાન કરી રહ્યુ છે પરંતુ ગાંધીનગર શહેરના પૂર્વ છેવાડે આવેલા શિહોલી મોટી ગામની આ સમસ્યાએ તંત્રની પોલ ખુલી જવા પામી છે.

છેલ્લા એક સપ્તાહથી આ હાલાકીમાંથી ગ્રામજનો પસાર થઈ રહ્યા છે. જોકે તંત્રે આ બાબતે સંપૂર્ણ મૌન ધારણ કરેલ છે. ગ્રામજનોની આ સમસ્યાને લઈ કોંગ્રેસના કેટલાક આગેવાનો ત્યાં પહોંચ્યા હતા. ઝડપથી દુરસ્તીનું કામ થાય અને નવો બોર બને તેવી હૈયાધારણ આપી હતી.

# અમૂલ દૂધમાં ૨ રૂપિયાનો ભાવ વધારો

**અમૂલ દ્વારા પાઉચ દૂધના વેચાણ કિંમતમાં રૂા.૨ પ્રતિ લિટરનો વધારો : ગોલ્ડ, શક્તિ અને ટી-સ્પેશિયલમાં વધારો થયો : ઉનાળામાં દુધની આવક ઘટી જતા ભાવ વધારો કરવામાં આવ્યો હોવાની દલીલ : ભાવવધારો તરત અમલી કરાયો**

ગાંધીનગર,તા. ૨૦

અમુલે ફરી એકવાર દુધમાં પ્રતિલિટર રૂ.૨નો આકરો વધારો ઝીંકયો છે, જેને લઈ હવે લોકોમાં ઉગ્ર આક્રોશ ફેલાયો હતો. કારણ કે, છાશવારે દૂધના ભાવમાં કરવામાં આવતાં ભાવવધારાને લઈ ગરીબ અને મધ્યમ વર્ગની કમર તૂટી જાય છે અને આ બંને વર્ગ પર ભાવવધારાની સીધી અસર થતી હોય છે ત્યારે છાશવારે દૂધના ભાવોમાં આ પ્રકારે ભાવવધારાને નિયંત્રિત કરવા અને અટકાવવા રાજય સરકારે દરમ્યાનગીરી કરી યોગ્ય નીતિ અમલી બનાવવી જોઈએ તેવી પણ આમજનતામાં ઉગ્ર માંગ ઉઠવા પામી છે.

અમુલ દ્વારા આજે કરાયેલી જાહેરાત મુજબ, અમુલ ગોલ્ડ, અમુલ શક્તિ અને ટી-સ્પેશિયલ દૂધમાં પ્રતિલિટર રૂ.બે નો ભાવવધારો કરવામાં આવ્યો છે. આ નવો ભાવવધારો આવતીકાલથી અમલી બની જશે. જો કે, અમુલ દ્વારા દૂધમાં ભાવવધારો થતાં દૂધની બનાવટની અન્ય ચીજવસ્તુઓ તેમ જ ચાના ભાવમાં પણ વધારો થાય તેવી શકયતા પ્રવર્તી રહી છે. જેને લઈ લોકો હવે અમુલના છાશવારે ભાવવધારા કરવાના નફાખોરીવાળા વલણને લઈ અકળાયા છે. ઉનાળાની ગરમી દરમ્યાન અમુલમાં દૂધની આવક ઘટતાં આ ભાવવધારો કરાયો હોવાનો અમુલ સત્તાધીશો બચાવ કરી રહ્યા હોવાની વાત સામે આવી રહી છે પરંતુ લોકોએ અમુલ પરત્વે ઉગ્ર આક્રોશ ઠાલવતાં જણાવ્યું હતું કે, કોઈને કોઈ બહાના હેઠળ અમુલ દ્વારા છ-બાર મહિને બબ્બે રૂપિયાનો આકરો ભાવવધારો ઝીંકી દેવાય છે.બે રૂપિયાનો ભાવવધારો એટલે વધુ પડતો કહેવાય.

સામાન્ય રીતે એક પરિવારમાં બેથી ચાર લિટર દૂધ લેવાતુ હોય તો, માત્ર એક જ પરિવાર પાસેથી ભાવવધારા હેઠળ રૂ. દસ ખંખેરી લેવાય તો, રાજયભરના કુલ ગ્રાહકો પાસેથી કેટલા રૂપિયા ખંખેરવાના કારસો રચાયો છે તે સરકારે વિચારવું જોઈએ. અમુલ દ્વારા છાશવારે કરવામાં આવતાં દૂધના ભાવમાં વધારાને નિયંત્રિત કરવા રાજય સરકારે ગંભીરતાપૂર્વક દરમ્યાનગીરી કરવી જોઈએ અને ના હોય તો આ સમગ્ર મામલે યોગ્ય નીતિ અમલી બનાવવી જોઈએ. આ બીજું કંઈ નહી પરંતુ નિર્દોષ જનતા પાસેથી ઉઘાડી લૂંટ છે એવો પણ લોકોએ આક્રોશ વ્યકત કર્યો હતો. દૂધના ભાવવધારાની સાથે સાથે આજે અમુલે દૂધની ખરીદીના ભાવમાં પણ વધારો કર્યો હતો. જેમાં ભેંસના દૂધમાં પ્રતિકિલો ફેટે રૂ.૧૦ અને ગાયના દૂધમાં પ્રતિકિલો ફેટે રૂ.૪.૬૦નો વધારો કરવામાં આવ્યો હતો.



ફૂટપાથ પર ગાબડા - સ્માર્ટ સિટીની ફુટપાથની આવી અવદશા જોઈને નગરજનોનો જીવ બળે એ સ્વાભાવિક છે... પરંતુ ફુટપાથની આવી અવદશા કરનાર કોણ હશે એ પણ એક પ્રશ્નાર્થ બની રહ્યો છે... જાગૃત નાગરિક તરીકે ફુટપાથની આવી દશા કરનારા તત્વોને ખુલ્લા પાડવાની જરૂર છે...

# એક્ઝિટ પોલ ખોટા સાબિત થશે : અમિત ચાવડા

**વાજપેયી સરકાર વખતે પણ એક્ઝિટ પોલ ખોટા સાબિત થયા હતા : એક્ઝિટ પોલ ગમે તે કહે પરંતુ કોંગ્રેસને હજુ તેમની સરકાર કેન્દ્રમાં બનવાની આશા**

અમદાવાદ, તા. ૨૦

પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડા અને ભરત સોલંકી સહિતના કોંગ્રેસના આગેવાનો આજે લોકસભાની ચૂંટણી પૂર્ણ થતાં આવેલા તમામ એક્ઝિટ પોલને લઈ પૂછાયેલા પ્રશ્નની પ્રતિક્રિયા આપતાં પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ અમિત ચાવડા અને પૂર્વ પ્રમુખ ભરતસિંહ સોલંકીએ દાવો કર્યો હતો કે, તમામ એકઝીટ પોલીસ તા.૨૩મેના રોજ ખોટા સાબિત થશે અને કેન્દ્રમાં યુ.પી.એ. સરકાર બનશે. વાજપેયીની સરકાર વખતે પણ એકઝીટ પોલ ખોટા પડયા હતા, તેથી તેને કંઈ સાચા માની લેવાની જરૂર નથી. પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, લોકસભા ચૂંટણીના આવી રહેલા તમામ એક્ઝિટ પોલ ખોટા સાબિત થશે અને કેન્દ્રમાં કોંગ્રેસ બહુમતી સાથે સરકાર બનાવશે. ગુજરાતમાં પણ ૧૦થી વધુ સીટો આવશે તેવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો. ગુજરાત સરકાર પાણી અને ઘાસની અછત પૂરી કરવામાં નિષ્ફળ ગઈ છે તેમ જણાવતા તેમણે ઉમેર્યુ કે, કોંગ્રેસના

● અનુસંધાન પાન-૭ પર

ઈન્ડીયન ઈન્સ્ટીટ્યૂટ ઑફ ટીચર ઍજ્યુકેશન
(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત સ્ટેટ પબ્લિક યુનિવર્સિટી)
સેક્ટર-૧૫, મહાત્મા મંદિર નજીક, ગાંધીનગર-૩૮૨૦૧૬.
IITE
બી.ઍડ. ( DIETની સંલગ્ન કોલેજોમાં)
ઍમ.ઍડ. અને ઍમ.ઍસસી./ઍમ.ઍ.ઍમ.ઍડ. (ઈન્ટીગ્રેટેડ)
ઈન્ડીયન ઈન્સ્ટીટ્યૂટ ઑફ ટીચર ઍજ્યુકેશન (આઈ.આઈ.ટી.ઈ.) એ શિક્ષણ પ્રશિક્ષણને સમર્પિત યુનિવર્સિટી છે. તેના નીચેના વ્યવસાયિક અભ્યાસક્રમો માટે ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવે છે.

| અભ્યાસક્રમ | સમયગાળો | વિગત | પ્રવેશ સંખ્યા | ઓનલાઈન નોંધણીની છેલ્લી તારીખ |
|---|---|---|---|---|
| બી.ઍડ. | ૨ વર્ષ | ૧૯-ડાયટ | ૯૫૦ | ૩૦ મે, ૨૦૧૯ |
| ઍમ.ઍડ. | ૨ વર્ષ | આઈ.આઈ.ટી.ઈ. અને શ્રી રામબા-ડાયટ | ૫૦+૫૦ | ૪ જૂન, ૨૦૧૯ |
| ઍમ.ઍસસી./ઍમ.ઍ.ઍમ.ઍડ. | ૩ વર્ષ | આઈ.આઈ.ટી.ઈ. | ૫૦ | |

ઓનલાઈન અરજી www.iite.ac.in પર તારીખ ૨૦ મે, ૨૦૧૯ થી કરી શકાશે.
હેલ્પ ડેસ્ક : ૯૭૨૬૬૩૩૦૯૯, ૯૭૨૬૬૩૧૮૧૦ ઈમેઈલ: onlineadmission@iite.ac.in
તારીખ : ૨૦-૫-૨૦૧૯ કુલસચિવ, આઈ.આઈ.ટી.ઈ.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
BRIDGESTONE
apollo go the distance
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR.FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com